GJJM110023512024

सत्यमेव जयते

CC NO. 2041 / 2024
Exhibit No.

(નમુનો :– અ)

| કાલાવડના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી એચ.આર.ખમલ સાહેબની કોર્ટમાં, મુ.કાલાવડ, જી.જામનગર | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ૨૪/૦૩/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૨૦૪૧/ ૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન/<br>એફ.આઈ.આર. નંબર | :<br>: | કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે.<br>ગુ.ર.નં. : – ૧૧૨૦૨૦૫૬૨૪૦૧૦૪ / ૨૦૨૪ |
| ગુનો | : | આઈ.પી.સી. કલમ–૩૮૦, ૪૫૪ મુજબ |

| | | | |
|---|---|---|---|
| ફરીયાદી | : | ( ફરીયાદી : કેશવજીભાઈ ઉર્ફે ડાડા મનજીભાઈ અકબરી) | |
| વિધ્વાન એ.પી.પી.શ્રી | : | ડી.ડી.કારીયા | |
| આરોપી | : | ૧. | **વિજય ઉર્ફે લાલો ઉર્ફે ટીલીલી હરેશભાઈ પાધરેશા**<br>ઉ.વ.આ.૨૦, ધંધો: મજુરી,<br>રહે. ધોરાજી બહારપરા આંબેડકર નગર શેરી નં. ૨, જી રાજકોટ |
| આરોપીના વિ.વકીલ શ્રી | : | | જે.એન.વ્યાસ |

(નમુનો :– બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૦૫/૦૨/૨૦૨૪ |
| ફરીયાદની તારીખ | : | ૦૯/૦૨/૨૦૨૪ |
| અહેવાલની તારીખ | : | ૧૮/૧૨/૨૦૨૪ |
| ચાર્જફ્રેમની તારીખ | : | ૧૮/૧૨/૨૦૨૪ |
| પુરાવો શરુ થયાની તારીખ | : | ૦૯/૦૧/૨૦૨૫ |

| | | |
|---|---|---|
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૨૪/૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | : | ૨૪/૩/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | – |

**: આરોપીની વિગત :**

| **નં.** | **આરોપીનુ નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર છોડયા તારીખ** | **ગુનો** | **તકસીર વાન/ નિર્દોષ** | **સજા** | **Crpc: 428 માટે કસ્ટડી માં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિજય ઉર્ફે લાલો ઉર્ફે ટીલીલી હરેશભાઈ પાધરેશા | ૧૩/૦૨ /૨૦૨૪ | ૧૪/૦૨ /૨૦૨૪ | આઈ.પી.સી. કલમ–૩૮૦, ૪૫૪ મુજબ | નિર્દોષ | – | – |

**(નમુનો :–ક)**

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :**

| **અનુ નં** | **નામ** | **આંક** | **સાહેદ ના પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | કેશવજીભાઈ ઉર્ફે ડાડા મનજીભાઈ અકબરી | ૦૭ | ફરીયાદી |
| ૨ | જસ્મીનભાઈ જીવરાજભાઈ અકબરી | ૦૯ | પંચ સાહેદ |
| ૩ | જીતેન્દ્રભાઈ પરષોતમભાઈ અકબરી | ૧૧ | પંચ સાહેદ |
| ૪ | પ્રદીપભાઈ મહશેભાઈ કાટોડીયા | ૧૩ | પંચ સાહેદ |
| ૫ | ગોપાલભાઈ રાઘવજીભાઈ અકબરી | ૨૩ | સાહેદ |
| ૬ | મીતલભાઈ ઠાકરશીભાઈ અકબરી | ૨૪ | સાહેદ |
| ૭ | વીરજીભાઈ અજીતભાઈ પરમાર | ૨૭ | ત.ક.અ |

**ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| નં | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૮ |
| ૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૧૦ |
| ૩ | આરોપી અટક પંચનામુ | ૧૪ |

**: : ઠ રા વ : :**

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૦૫/૦૨/૨૦૨૪ ના ક. ૧:૩૦ વાગ્યે ખોડીયાર માતાજીના મંદીર આરોપીએ નવાગામ ખાતે આવેલ ખોડીયાર માતાજીના મંદીરમાં તા. ૦૫/૦૨/૨૦૨૪ ના બપોરના આશરે દોઢેક વાગે ગે.કા. અપ્રવેશ કરી નીજ મંદીરનો દરવાજોનો આગરીયો ખોલો નીજ મંદીર અંદર પ્રવેશી માતાજીની મુર્તિ પાસે રાખવામાં આવેલ દાનપેટીને લોખંડના ત્રીકમ વડે જમીનમાંથી ઉખેડી દાનપેટીમાં આશરે રૂા. ૨૫,૦૦૦/– જેટલા હોય જે પેટી ની ચોરી કરી પોતે લઈ આવેલ મો.સામાં નાશી ગયલ અને મજકુર આરોપી સદરહુ મંદીરમાંથી ચોરી કરેલ દાન પેટી ધોરાજી પોરબંદર હાઈવે તરફ આશરે ચાર કીમી દુર જતા ભાદરા નદીના પુલ નીચે દાન પેટી તોડી તેમાથી રોકડા રૂા. ૨૪,૯૬૦/– નીકળેલ તે પોતે રાખી દીધેલ અને દાનપેટીને નદીમાં ફેકી દીધેલ અને આરોપીને રાજકોટ જિલ્લાના ભાયવર પો.સ્ટે ખાતે ગુ.ર.નં. ૦૪૪/૨૦૨૪ આઈ.પી.સી. કલમ–૩૮૦ વી. મુજબના કામે અટક કરવામાં આવેલ હોય અને આરોપીનો ટ્રાસફર વોરંટથી આ કામે કબજો મેળવી ધોરણસર અટક કરી મજકુરે પોતે આ કામે ચોરી કરેલ રોડકા રૂા. ૨૪,૯૬૦/– રજુ કરતા કબજે કરવામાં આવેલ આમ મજકુર આરોપીએ સદરહુ ચોરીને અજાંમ આપી ગુનો કરેલ જે એકદરે થયેલ તપાસ પરથી પડેલ પુરાવાના આધારે આઈ.પી.સી. કલમ– ૩૮૦, ૪૫૪ નો ગુનો કરેલ છે. જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના આરોપી વિરુધ્ધ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ નો ગુન્હો નોંધવામાં આવેલ.

(૨) આ કામે હાલના આરોપીએ મુદતે અત્રેની અદાલતમાં હાજર થતાં તેઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીએ વિરુધ્ધ હાલના ગુના સંબંધી આંક–૦૫ થી તહોમતનામુ ઘડી, તેઓની સામેના ગુનાની હકીકતો વાંચી, સંભળાવી સમજાવવામાં આવતાં આ કામના આરોપીને આંક–૦૬ થી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) **ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો :** ઉપર નમુના '**ક**' માં જણાવેલ છે, તેથી તેની પુન:ઉકિત કરેલી નથી.

(૪) સદર કામે ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક રીતે જાહેર કરતાં, સી.આર.પી.સી કલમ– ૩૧૩ મુજબ આ કાતેઓને આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ.જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ તપાસેલા નથી તેમજ વિશેષમાં કાંઈ કહેવું છે તેના જવાબમાં જણાવેલ છે કે અમો નિર્દોષ છીએ અમારે પર ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયાનાઓની તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે. તે ઉપરાંત આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લીધો.

(૬) રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા તથા બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો ધ્યાનમાં લેતાં મારાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>૧</u> શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવી હકીકતો પુરવાર કરે છે કે, તા. ૦૫/૦૨/૨૦૨૪ ના ક. ૧:૩૦ વાગ્યે ખોડીયાર માતાજીના મંદીર આરોપીએ નવાગામ ખાતે આવેલ ખોડીયાર માતાજીના મંદીરમાં તા. ૦૫/૦૨/૨૦૨૪ ના બપોરના આશરે દોઢેક વાગે ગે.કા. અપ્રવેશ કરી નીજ મંદીરનો દરવાજોનો આગરીયો ખોલો નીજ મંદીર અંદર પ્રવેશી માતાજીની મુર્તિ પાસે રાખવામાં આવેલ દાનપેટીને લોખંડના ત્રીકમ વડે જમીનમાં થી ઉખેડી દાનપેટીમાં આશરે રૂા. ૨૫,૦૦૦/– જેટલા હોય જે પેટી ની ચોરી કરી

પોતે લઈ આવેલ મો.સામાં નાશી ગયલ અને મજકુર આરોપી સદરહુ મંદીરમાંથી ચોરી કરેલ દાન પેટી ધોરાજી પોરબંદર હાઈવે તરફ આશરે ચાર કીમી દુર જતા ભાદરા નદીના પુલ નીચે દાન પેટી તોડી તેમાથી રોકડા રૂા.૨૪,૯૬૦/– નીકળેલ તે પોતે રાખી દીધેલ અને દાનપેટીને નદીમાં ફેકી દઈ આઈ.પી.સી કલમ–૩૮૦,૪૫૪ ગુનો કરેલ મુજબનો ગુન્હો કરેલ છે?

**<u>૨</u>** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના તેઓના ન્યાયીક **તારણો** નીચે મુજબ છે.

**<u>૧</u>** નકાર માં

**<u>૨.</u>** આખરી હુકમ મુજબ

**<u>: : કા ર ણો : :</u>**

(૮) **<u>મુદ્દા નં. ૧ અને ૨:–</u>**

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

બન્ને પક્ષ તરફેની દલીલો તેમજ ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાઓનુ તુલનાત્મક મુલ્યાંકન કરી, રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોવામાં આવે તો, સદર કામે હાલના ફરીયાદ પક્ષ તરફથી **આંક–૭** થી આ કામ **ફરીયાદી કેશવજીભાઈ ઉર્ફે ડાડા મનજીભાઈ અકબરી** નાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, ગઈ તા. ૦૫/૨/૨૦૨૪ ના રોજ નવાગામમા આવેલ પટેલ ચોકમા ખોડીયાર મંદીરમા સાંજે પાંચ કલાકે હુ પુજા કરવા ગયો ત્યારે મને ખબર પડેલ કે અમારા મંદીરની અંદરથી દાનપેટી જોવા મળેલ નહી ત્યારબાદ આજુબાજુના અન્ય લોકોને બોલાવતા બનાવમા દાનપેટી મળી આવેલ ન હોય જેથી આ દાન પેટી ચોરી થયા અંગે મે ફરીયાદ કરેલી. આ બનાવમા આ દાનપેટીમા અંદાજે પાંત્રીસ થી ચાલીસ હજાર રુપીયા હતા. આ સીવાય બીજી કોઈ વસ્તુની ચોરી થયેલ નથી. મંદીરમા સીસીટીવી કેમેરા નથી જે ફરીયાદ **આંક– ૦૮** થી રજુ છે.

ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદી જણાવે છે કે, એ વાતનો સ્વીકાર કરે છે કે, કહેવાતો બનાવ તા.૫.૨.૨૪ ના રોજ બનેલ છે જેની મે ફરીયાદ તા.૯.૨.૨૪ ના રોજ આપેલી, આ મંદીર સાર્વજનીક છે જેમા હુ પુજા કરુ છું, એ વાતનો સ્વીકાર કરે છે કે, હુ સવારે પુજા કરીને ગયેલો પછી સાંજે આરતી કરવા ગયેલો ત્યા સુધી મંદીર ખુલ્લુ હતુ, મંદીરને મે તાળુ મારી બંધ કરેલ હોય તેવુ બનેલ નથી, મંદીરનુ કોઈ મંડળ કે સમિતિ નથી, એ વાતનો સ્વીકાર કરે છે કે, પેટી મે જોયેલ નથી એટલે મે ચોરી થયેલાની શંકા ગયેલી, એ વાતનો સ્વીકાર કરે છે કે, પેટીમા જે રકમ ની હુ વાત જણાવુ છુ તે અંદાજીત છે, એ વાતનો સ્વીકાર કરે છે કે, પેટીનુ કોઈ વર્ણન મે મારી ફરીયાદ મા જણાવેલ નથી, એ વાત ખરી છે કે આ કામનો બનાવ મે નજરે જોયેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, ખોટી હકીકત જણાવી ખોટી ફરીયાદ કરી તેના સમર્થનમા હુ ખોટી જુબાની આપુ છુ.

(૮.૧) ત્યાર બાદ ફરીયાદ પક્ષે તરફે **પંચ સાહેદ જસ્મીનભાઈ જીવરાજભાઈ અકબરીને આંક–૦૯** થી તથા **બીજા પંચ સાહેદ જીતેન્દ્રભાઈ પરષોતમભાઈ અકબરી**ને **આંક– ૧૧** થી તપાસેલ છે. આ પંચસાહેદો તેની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકીકતો ને અંશત સમર્થન આપેલ છે. તેઓએ જણાવેલ છે કે તેઓના ગામ નવાગામે આવેલ ખોડીયાર માતાજી ના મંદીરના દાન ની પેટી ચોરી થયેલ અને પુજારી તેઓને ફોન કરી બોલાવેલ અને ત્યાં એક ત્રીકમ પડેલ હતુ અને દાન ની પેટી કાઢેલ હતી અને પોલીસે પંચનામુ કરેલ ત્યારે તેઓ હાજર હતા અને તેઓએ હકીકતો લખાવેલી. આમ, બનાવ વાળી જગ્યા પર આવેલ મંદીર માં દાન પેટી ચોરાયેલ અને ત્યા એક ત્રીકમ મળી આવેલ હોવાની હકીકતો બનાવવાળી જગ્યાના પંચો ની જુબાની થી પંચનામા ની હકીકતો પુરવાર થાય છે.

(૮.૨) ત્યાર બાદ ફરીયાદ પક્ષે તરફે **પંચ સાહેદ પ્રદીપભાઈ મહશેભાઈ કાટોડીયા ને આંક–૧૩ થી સોગંદ પર તપાસેલ છે.** આ પંચસાહેદો તેની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવી સદર પંચનામું **આંક–૧૪** થી રજુ કરેલાનું જણાવે છે. મજકુર પંચસાહેદો તેઓની જુબાનીમાં આરોપી અટક પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ

ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા મુદામાલ રીકવરી પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેઓની જુબાનીમાં જણાવતા નથી. આમ, સદર પંચ સાહેદોની જુબાનીથી **આંક–૧૪** વાળું પંચનામું પુરવાર થતું નથી.

(૮.૩) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ **ગોપાલભાઈ રાઘવજીભાઈ અકબરી** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી એક વર્ષ પહેલા બનેલો. નવાગામમાં આવેલ ખોડીયાર મંદીરમાં ચોરી થયા અંગેનો બનાવ બનેલો. આ બનાવ વિશે મને બપોરે ગામમાથી જાણ થયેલી. આમ વાત કરતા હુ તથા અન્ય ગામના લોકો ખોડીયાર મંદીરે ગયેલા અને ત્યાં જઈને જોતા મંદીરમાં રાખેલ દાનની પેટી ચોરી થયેલ અને મંદીર પરીસરમાંથી લોખંડનો સળીયો તથા ત્રિકમ પડેલ મળેલો. મને આ કામે કબ્જે કરવામાં આવેલ ત્રિકમ બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ. અમે અમારા ગામમાં જયારે પાટોત્સવ કરીએ ત્યારે પેટીમાંથી આશરે રૂા.૩૫,૦૦૦/–નીકળતા હોય છે. પોલીસને મે મારો જવાબ લખાવેલો. હાલના બનાવમાં ચોરી કોણે કરેલી છે તે હકીકત મને આજદીન સુધી ખબર નથી.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાતનો સ્વીકાર કરે છે કે, , ચોરી કોણે કરેલ તે આજદીન સુધી જાણવા મળેલ નથી, બનાવવાળી જગ્યા ખુલ્લી અને જાહેર જગ્યા છે, જાહેર રોડ પણ ત્યાં આવેલ હોય ત્યા માણસોની સતત અવર જવર રહે છે.

(૮.૪) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૪ થી સાહેદ **મીતલભાઈ ઠાકરશીભાઈ અકબરી** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી દોઢેક વર્ષ પહેલા બનેલો. નવાગામમાં આવેલ ખોડીયાર મંદીરમાં ચોરી થયા અંગેનો બનાવ બનેલો. આ બનાવ વિશે મને બપોરે ગામમાથી જાણ થયેલી. આમ વાત કરતા હુ તથા અન્ય ગામના લોકો ખોડીયાર મંદીરે ગયેલા અને ત્યાં જઈને જોતા મંદીરમાં રાખ્રેલ દાનની પેટી ચોરી થયેલ અને મંદીર પરીસરમાંથી લોખંડનો સળીયો તથા ત્રિકમ પડેલ મળેલો. મને આ કામે કબ્જે કરવામાં આવેલ ત્રિકમ બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ. અમે અમારા ગામમાં જયારે પાટોત્સવ કરીએ ત્યારે પેટીમાંથી આશરે રૂા.૩૫,૦૦૦/–નીકળતા હોય છે. પોલીસને

મે મારો જવાબ લખાવેલો. હાલના બનાવમાં ચોરી કોણે કરેલી છે તે હકીકત મને આજદીન સુધી ખબર નથી.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાતનો સ્વીકાર કરે છે કે, ચોરી કોણે કરેલ તે આજદીન સુધી જાણવા મળેલ નથી, બનાવવાળી જગ્યા ખુલ્લી અને જાહેર જગ્યા છે, જાહેર રોડ પણ ત્યાં આવેલ હોય ત્યા માણસોની સતત અવર જવર રહે છે.

(૮.૫) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૭ થી સાહેદ **વીરજીભાઈ અજીતભાઈ પરમાર** ને સોગંદ પર તપાસેલ છે. મજકુર સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ગઈ તા.૦૯/૦૨/૨૦૨૩ ના રોજ કાલાવાડ ગ્રામ્ય પો.સ્ટે.માં પી.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા હોય દરમીયાન ફરીયાદી કેશવજીભાઈ અકબરી રહે–નવાગામ, કાલાવાડના ઓએ અમારી રુબરુની ફરીયાદ આપેલ જેમા ફરીયાદીએ ફરીયાદ આપેલ કે નવાગામા ગામે આવેલ ખોડીયાર માતાજીના મંદીરમાંથી દાનપેટી લઈને જતા રહેલા, જેમાં આશરે રોકડ રકમ રૂ.૨૫,૦૦૦/– જેટલી રકમની ચોરી થવા અંગે ફરીયાદ લખાવેલી. આ ફરીયાદના કામે કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી ગયેલ હોય જે બાબતની ફરીયાદ લઈ ગુન્હો રજી.નં.૧૦૪/૨૪ થી પી.એસ.ઓ.એ નોંધી આગળની તપાસ અમારી તરફ ડેપ્યુટ કરતા અમોએ તપાસ સંભાળેલી જે તપાસના કામે અમોએ સદર ગુન્હાના કામે બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા તથા આ કામે આરોપીઓની અટક અંગેનુ પંચનામુ કરી પંચનામાની વિગતે આરોપીઓ પાસેથી પંચોની હાજરીમાં રૂ.૨૪,૯૬૦/– કબ્જે કરેલા. તેમજ આ કામે આરોપી વિ. પુરતો પુરાવો જણાતા આરોપી વિ. ચાર્જશીટ કરેલુ.

ઉલટ તપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યાએ રહેણાંક વિસ્તાર છે અને ત્યા અવર જવર થાય છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે, તપાસ દરમ્યાન કોઈ આરોપીઓ પાસેથી દાન પેટી કબ્જે કરવામાં આવેલી નથી, કહેવાતા ચોરીના બનાવમાં દાન પેટીમાં કુલ ચોકકસ કેટલી રકમ હતી તે અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી, સ્થાનીક જગ્યાની માલીકીનો પણ આધાર પુરાવો રજુ કરેલ નથી.

એ વાતનો ઈનકાર કરે છે કે, બનાવવાળી જગ્યાનુ પંચનામુ પંચોના જણાવ્યા મુજબનુ કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, આરોપી પાસેથી કહેવાતો કોઈ મુદામાલ મેળવેલ નથી, આરોપી વિ. કોઈ પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે, આરોપીઓને સંડોવી આપવા ખોટુ ચાર્જશીટ કરેલ છે, સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૯) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાત છે કે, જયાં સુધી ફરીયાદ પક્ષ આરોપી સામેનુ તહોમત શંકાથી પર સાબીત ન કરે ત્યાં સુધી તેઓ નિર્દોષ છે તેવુ અનેમાન કરવું જોઈએ. હવે જયારે આરોપી સામે કેદની સજાને પાત્ર ગુનો કરવા માટે રાત્રે ગુપ્ત અનઅધિકૃત ગૃહપ્રવેશ અથવા રાત્રે ઘરફોડ કરી ચોરી કરવાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદ પક્ષે નીચે મુજબના તત્વો આરોપીઓ સામેનો આક્ષેપ સાબીત કરવા માટે પુરવાર કરવા જોઈએ.

૧. આરોપીઓ રાત્રીના સમયે ગુપ્ત અનઅધિકૃત ગૃહપ્રવેશનો ગુનો કર્યો અથવા રાત્રીના સમયે ઘરફોડ નો ગુનો કર્યો.

૨. આરોપીઓએ આવો ગુનો ચોરીનો ગુનો કરવા માટે કર્યો.

(૯.૧) ફરીયાદ પક્ષે આરોપીઓ સામેનો ભારતીય દંડ સંહિતા ની કલમ- ૩૮૦ મુજબનો ગુનો સાબીત કરવા માટે નીચે મુજબના તત્વો પુરવાર કરવા જોઈએ.

૧. જંગમ મિલ્કતની ચોરી કરવામાં આવી હતી.

૨. આ ચોરી કરવામા આવી તેનો અધિકૃત કબજો કોઈ વ્યકિત ધરાવતી હતી.

૩. આ મિલ્કત આરોપીએ અપ્રમાણિક પણે ખસેડી.

૪. જે વ્યકિત કબજો ધરાવતી હતી તેની સમંતિ તેમા હતી નહી.

૫. આ મિલ્કત લઈ જવાના ઈરાદાથી ખસેડવામા આવી હતી.

૬. જે મિલ્કત ચોરાઈ હતી તે કોઈ મકાન અથવા તુબં અથવા વહાણ અથવા માનવ રહેણાંક માટે કે મિલ્કત રાખવા માટે ઉપયોગમા લેવાતુ હોય તેવા કોઈ સ્થળેથી કરવામાં આવી હતી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા, હાથ પરના કેસમાં સામાન્ય રીતે ચોરી જેવા કિસ્સામાં આરોપી વિરૂધ્ધ સીધો પુરાવો ઉપલબ્ધ

હોતો નથી પરંતુ આરોપીના કબજામાંથી ચોરાયેલ મુદામાલ મળી આવેલ અને તે અંગે રીકવરી પંચનામુ સાબિત થાય કે આરોપી રંગે હાથ ચોરી કરતા પકડવામાં આવે તો જ તે આરોપીને સદર ચોરીના ગુના સાથે સાંકળી શકાય. સદર કામે ફરીયાદપક્ષ દવારા ફરીયાદીની ફરીયાદ મુજબ કાલાવડ તાલુકાના નવાગામ ખાતે આવેલ ખોડીયાર માતાજી ના નીજ મંદીરનો દરવાજો નો આગરીયો તોડી નીજ મંદીર ની અંદર પ્રવેશ કરી માતાજી ના મંદીર પાસે આવેલ દાન પેટી ને લોખંડ ના ત્રીકમ વડે જમીન માંથી ઉખેડી ને દાન પેટી ચોરી ગયેલ અને તેની અંદર રહેલ રોકડ રકમ ની પણ ચોરી કરી ગયેલ હોવાની ફરીયાદ આપવામાં આવેલ છે. આ કામના ફરીયાદી સદર મંદીર માં સેજા પુજા કરતા હોય જેથી તેઓ એ હાલ ની ફરીયાદ આપેલ છે. તેઓએ પોતાની સોગંદ પર ની જુબાની માં જણાવેલ છે કે તા. ૦૫/૦૨/૨૦૨૪ ના રોજ તેઓ જયારે મંદીરે સવારના પાંચ વાગ્યે પુજા કરવા ગયેલ ત્યારે તેઓને દાન પટી જોવા મળેલ નહી અને ત્યારબાદ તેઓએ તે અંગેની ફરીયાદ આપેલ. આમ, ફરીયાદી એ આપેલ પુરાવા થી તેમની ફરીયાદ ની હકીકતો ને સમર્થન પ્રાપ્ત થાય છે. જેથી બનાવ વાળી જગ્યા પર આવેલ મંદીર પર થી દાન પેટી અને તેમાં રહેલ રોકડ રકમ ની ચોરી થયેલ હોવાનું ફલીત થાય છે. પરંતુ, સદર ફરીયાદી એ આપેલ પુરાવા પર થી હાલ ના આરોપી એ બનાવવાળી જગ્યા પર અપ્રવેશ કરી ત્યા રહેલ દાન પેટી અને તેમાં રહેલ રોકડ રકમ ની ચોરી કરેલ હોય તેવી લેશમાત્ર હકીકત જણાઇ આવતી નથી. વધુમાં, હાલ ના ફરીયાદી ની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ માં તેઓએ સ્વીકાર કરેલ છે કે બનાવ બનતો તેઓ એ નજરે જોયેલ નથી. આમ, હાલના ફરીયાદી એ આપેલ પુરાવા પર થી હાલના આરોપીને સદર ગુનામાં સાંકળી શકાય નહી. જેથી મંદીર માં થયેલ દાનપેટી તથા રોકડ રકમ ની ચોરી હાલના આરોપી એ જ કરેલ હોય તે માનવાને કોઈ કારણ નથી. જેથી આરોપી ને હાલના ગુનાના કામે તકશીર વાન ઠરાવી શકાય નહી.

(૧૦.૧) તે સિવાય ફરીયાદપક્ષ દવારા સાહેદ ગોપાલભાઇ રાધવભાઇ અકબરીને આંક–૨૩ થી તથા મીતલભાઇ ઠાકરશીભાઇ અકબરી ને આંક–૨૪ થી તપાસેલ છે. જેઓ બન્ને નવાગામ ગામ ના વતનીઓ રહેલ છે. જે બન્ને સાહેદોએ ફરીયાદીના આપેલ મૌખિક પુરાવાને વળગી

રહેલ છે. સદર સાહેદોનાઓએ પોતાની સરતપાસમાં હકીકત જણાવેલ છે કે મંદીર માં થયેલ ચોરી ના બનાવમાં ચોરી કોણે કરેલી છે તે હકીકત તેઓને આજદીન સુધી જાણવા મળેલ નથી. આમ, ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવા ઉપરથી આ કામના આરોપીએ નવાગામ ગામ મુકામે આવેલ ખોડીયાર માતાજી ના નીજ મંદીર માં ગુનાહીત અપ્રવેશ કરી ત્રીકમ વડે ત્યા રહેલ દાનપેટી ને જમીન માંથી ઉખેડી ને ચોરી કરેલ હોય તેવુ કોઈ માનવા લાયક પુરાવાથી ફલિત થતુ નથી. જેથી પણ હાલના આરોપી ને સદર ગુનાના કામે સાંકળી શકાય નહી. તે સિવાય ફરીયાદપક્ષ દવારા આંક–૧૦ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ કરેલ છે. જે અન્વયે સદર ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચોને તપાસેલ છે. જે પંચોએ બનાવવાળી જગ્યા પર રહેલ મંદીર માંથી દાન પેટી અને તેમાં રહેલ રોકડ રકમ ની ચોરી થયેલ હોવાની હકીકતો જણાવેલ છે. જે આંશિક રીતે પંચનામાને સમર્થન આપેલ છે. જેથી સદર બનાવવાળી જગ્યાનુ પંચનામું પંચો ના પુરાવા થી સાબિત થયેલ હોવાનું માની શકાય. પરંતુ સદર બનાવવાળી જગ્યાના પંચનામાથી આ કામના આરોપીને સાંકળતો કોઈ માનવા લાયક પુરાવો જણાય આવતો નથી. જેથી પણ ગુનાવાળી જગ્યાએ હાલના આરોપીએ ચોરી કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી. વધુમાં ફરીયાદપક્ષ દવારા મુદામાલ રીકવરી કર્યા અંગે ના કોઇ પંચો ને હાજર રખાવી તપાસી શકેલ નથી. જેથી સદર પંચનામા ને પુરાવા માં વંચાણે લેવામાં આવેલ નથી. આમ, પંચો ના પુરાવા ના અભાવે આરોપી પાસે થી ચોરી માં વપરાયેલ કોઇ મુદામાલ રોકડ રકમ મળી આવેલ હોવાનું લેશમાત્ર પુરવાર થતુ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ દવારા ત.ક.અ. વી.એ.પરમાર ને આંક–૨૭ થી તપાસવામાં આવેલ છે તેઓ પોતાની ફરજ દરમિયાન તપાસ ના કામે તેમની ફરજ પર આવતી રૂટીન મુજબ ની કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉ.તમાં એ હકીકતનો તેઓ સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યા રહેણાંક વિસ્તાર છે અને ત્યાં લોકો ની અવર જવર રહે છે.

(૧૦.૨) આમ આ કામે રજુ તમામ પુરાવો જોતા માત્ર ચોરી થયેલા હોવાનું રેકર્ડ પર આવેલ છે. પરંતુ સદર ચોરી કરનાર હાલના આરોપી જ હતા તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે

ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી અને ફોજદારી ગુનાને પુરવાર કરવા માટે આરોપીની ઓળખ પ્રસ્થાપિત કરવી અત્યંત જરૂરી રહે છે. પરંતુ ફરીયાદપક્ષ સદર આરોપીની કોઈ ચોક્કસ ઓળખ પ્રસ્થાપિત કરી તેઓએ ચોરી કરેલ હોવાનું પુરવાર કરી શકેલ નથી. જેનો હાલના કામમાં અભાવ જોવા મળેલ છે જેથી રજુ થયેલ પુરાવો આરોપીને હાલના ચોરીના બનાવ સાથે સાંકળવા માટે પુરતો જણાતો નથી. હાલના કેસમાં બનાવ સ્થળે થી તપાસ કરનાર અમલદાર દવારા આરોપીઓના ફુટ પ્રિન્ટ કે ફીગર પ્રિન્ટ લેવામાં આવેલ હોય કે આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ હોય તેવો પણ કોઈ પુરાવો ચાર્જશીટ સાથે કે તેમના સોગંદ પરના પુરાવામાં રજુ કરવામાં આવેલ નથી. વધુમાં બનાવ સમયે કોઈ વ્યક્તિ કે સ્વતંત્ર સાહેદ હાજર હોય તેવું પણ તપાસ દરમિયાન ખુલવા પામેલ નથી. વધુમાં રજુ થયેલ પુરાવા પરથી આરોપીને હાલના ફરીયાદ દવારા બનાવમાં સાંકળી શકાય તેવો કોઈ સાત્તયપુર્ણ પુરાવો ઉપલબધ થતો ન હોવાથી ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. વધુમાં, આરોપી એ મુદામાલ પાવતી મુજબ કબ્જે કરવામાં આવેલ રોકડ રકમ અંગે નો કલેઇમ પુરશીશ આપી આંક–૨૩ થી જાહેર કરેલ છે. જેથી સદર મુદામાલ રકમ ચોરી થયેલ માતાજી ના મંદીર માં પરત જમા કરાવવી યોગ્ય અને ન્યાયી જણાઈ રહેશે તેવું અમો નુ નમ્રપણે માનવું છે.

(૧૦.૩) આમ, ફરીયાદીપક્ષે હાલના આરોપીને ચોરી કરતા જોયા હોય તેવા કોઈ સાહેદનો પુરાવો આ કામે રજુ નથી જેથી આરોપી દવારા કાલાવડ તાલુકાના નવાગામ ખાતે આવેલ ખોડીયાર માતાજી ના નીજ મંદીરનો દરવાજો નો આગરીયો તોડી નીજ મંદીર ની અંદર પ્રવેશ કરી માતાજી ના મંદીર પાસે આવેલ દાન પેટી ને લોખંડ ના ત્રીકમ વડે જમીન માંથી ઉખેડી ને દાન પેટી અને તેમાં રહેલ આશરીત રોકડ રકમ ની ચોરી કરવામાં આવેલ છે તે અંગે શંકા ઉપસ્થિત થતી હોય આરોપી ને આ ગુનાના કામે શંકાનો લાભ આપવો ન્યાયી જણાય આવે છે.જેથી ફરીયાદપક્ષ ફરીયાદીના સીધા તથા સાંયોગિક પુરાવા, તથા આક્ષેપિત ગુનાની હકીકતો તથા આક્ષેપિત કલમો અન્વયેના તત્નો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ

નીવેડલ હોય મુદા નં. ૧ નિર્ણય નકારમાં આપી મુદા નં.ર અન્વયે નીચે મુજબ આખરી હુકમ જાહેર કરવામાં આવે છે.

**(૧૧)** આ કામે રેકર્ડ પર આવેલ સમગ પુરાવા ના આધારે આ કામના આરોપીએ ગુપ્ત અનઅધિકૃત ગુહપ્રવેશ કરી, ચોરી કરવાના ઇરાદે ધરફોડ કરી કોઇ ચોરી કરેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. આમ ઉપરોકત તમામ ચર્ચાને આધીન મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**(૧)** આ કામના આરોપી : **વિજય ઉર્ફે લાલો ઉર્ફે ટીલીલી હરેશભાઈ પાધરેશા** ઉ.વ.આ.૨૦,ધંધો: મજુરી, રહે. ધોરાજી બહારપરા આંબેડકર નગર શેરી નં. ૨, જી રાજકોટનામે વાળાઓ ને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ની કલમ- ૨૪૮(૧) અન્વયે આઈ.પી.સી. કલમ-૩૮૦,૪૫૪ મુજબના આક્ષેપિત ગુનાના તહોમત માંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય વિત્યે, મુદામાલ ત્રીકમ નો નિયમાનુસાર નાશ કરવો તેમજ મુદામાલ રોકડ રકમ આ કામના ફરીયાદી મારફત ચોરી થયેલ ખોડીયાર માતાજી ના મંદીર ની દાન પેટી માં જમા કરાવડાવવી અને જમા કરાવ્યા બાદ તે મતબલ નું સોગંદનામુ ફરીયાદી એ જાહેર કરવું.

**(૩)** આરોપીએ કિ.પ્રો.કોડની કલમ ૪૮૧ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રુ.૫૦૦૦/- અંકે રૂપીયા પાંચ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ આજ તા.૨૪ મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ - કાલાવડ
તારી. - ૨૪/૦૩/૨૦૨૬.

(**હર્ષદ રાજાભાઈ ખમલ**)
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કાલાવડ
**[GJ01749]**